कीर्तन.

२५ आक्टोबर १९१९.

नरसिंहराव भोलानाथ दिवेटिया.

The Manoranjan Press, Bombay.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

Printed by K. R. Mitra at the Manoranjan Press,
3, Sandhurst Rd., Girgaon, and published by
G. B. Trivedi, B. A., at the Prarthana Mandir,
Girgaon, Bombay.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૮૩૫-　　　वर्गांक

पुस्तकनुं नाम કીર્તન

विषय ૯ : ૪

કીર્તન.

मूकं करोति वाचालं पंगुं लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वन्दे परमानन्दमीश्वरम् ॥

देवा हो जय देवा हो । पतितपावन आम्हां पावा हो ॥
नाथा हो दीननाथा हो । तुझिया चरणीं ठेवियला माथा हो ॥
बंधु हो दीनबंधु हो । संत जन म्हणे कृपासिन्धु हो ॥ देवा० ॥

નિજબળ વડે નહિં રે બોલાય,
સખા કૃપામય વાચા ત્હેની.
કોકિલા શી બોલે મંજુલ સુવાણી ?
બોલાવેછે ધણી જુદો એ તો.
અતિ હું પામર, બોલું શું ઉત્તર ?
પણ વિશ્વંભર પ્રેરે વાણી.
દાસ કહે ત્હેની કોણ જાણે કળા ?
નિભાવે પાંગળા પાય વિણ.

મધુરરૂપે બિરાજો હે વિશ્વરાજ:
શોભન સભા નિરખી મમ પ્રાણ ભૂલે;—મધુર.
નીરવ નિશિ સુન્દર વિમલ નીલામ્બર,
શુચિ રુચિર ચન્દ્રકલા ચરણમૂલે. —મધુર.

અભિનન્દન આજ દઉં ત્હમને, મુજ બન્ધુજનો પ્રણયાર્દ્ર મને;
ગતવર્ષ ગયું ભવરાન વિશે, ભમિઆપણ ભિન્ન જ ભિન્ન દિશે. ૧
કહિં મારગમાં મળી સાવજડાં, થઈ યુદ્ધ ત્રણો અતિ તીવ્ર પડ્યા;
અહિં આજ પિતાગૃહ આવી હવે, ક્ષણ થાક લઈ વ્રણ રૂઝવિયે. ૨

થઈ સજ્જ ફરી, સ્થિર ધૈર્ય ધરી, લઈ માર્ગનિદર્શક સત્ય વળી;
૯૯ ભક્તિતણું કર ભાથું ધરો, ફરી આગળ માર્ગપ્રયાણ કરો. ૩

ભૂલ્યો મનભમરા તું ક્યહાં ભમ્યો, ભમ્યો દિવસ ને રાત્ય;
માયાનો બાંધેલ પ્રાણિયો, સમઝ્યો નહિં શુદ્ધ વાત, ભૂલ્યો.

પ્રેમલ જ્યોતિ ત્હારો દાખવી,
મુજ જીવનપંથ ઉજાળ્ય: —પ્રેમલ,

દૂર પડ્યો નિજ ધામથી હું,
ને ઘેરે ઘન અંધાર,
માર્ગ સૂઝે નવ ઘોર રજનિમાં,
નિજ શિશુને સંભાળ્ય;
મ્હારો જીવનપંથ ઉજાળ્ય. —પ્રેમલ ૧.

ડગમગતો પગ રાખ્ય તું સ્થિર મુજ,
દૂર નજર છો ન જાય;
દૂર માર્ગ જોવા લોભ લગીર ન.
એક ડગલું બસ થાય,
મ્હારે એક ડગલું બસ થાય. —પ્રેમલ ૨.

તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિં;
અજાજૂથ માંહે રે, સમરથ ગાજે સહી—તરણા—ટેક

સિંહ અજામાં કરે ગર્જના, કસ્તુરી મૃગ રાજંન;
તલને ઓથે જેમ તેલ રહ્યું છે, કાષ્ટમાં હુતાશંન;
દધિ ઓથે ઘૃત જ રે, વસ્તુ એમ છુપી રહી. —તરણા.

કોને કહું ને કોણ સાંભળશે, અગમ ખેલ અપાર;
અગમકેરી ગમ નહિં રે, વાણી ન પહોંચે વિસ્તાર;
એક દેશ એવો રે, બુદ્ધિ થાકી રહે તહિં. —તરણા.

મનપવનની ગતિ ન પહોંચે, છે અવિનાશી અખંડ;
રહ્યો સચરાચર ભર્યો બ્રહ્મ પૂરણ, જેણે રચ્યાં બ્રહ્માંડ;
ઠામ નહિં કો ઠાલોરે, એક અણુ માત્ર કહિં —તરણા.
સદ્‌ગુરુજીએ કૃપા કરી ત્હારે, આપ થયારે પ્રકાશ;
શાં શાં દોડી સાધન સાધે, પોતે પોતાની પાસ;
દાસ ધીરો કહેછે રે, જ્હાં જોઉં ત્હાં તું હી તું હી–તરણા.

તદપિ પ્રબલ એ તુમુલો યુદ્ધ રહ્યો સ્થિર સુશાન્ત નવ લેખે,
વપ્રે વીંટયો દુર્ગ જ, રક્ષિત એ તેમ પુણ્ય અતિરેકે.
પવિત્ર બોધિતરુ વળી તુમુલથી ન ડગ્યું, અને સુપર્ણ બધાં
કૌમુદીમાં જયમ ચળકે, ચળકંતાં તેમ આજ સ્થિર જ રહ્યાં;
વૃક્ષતણાં થડ રચતાં મંડપ ત્હેની વિશાળ છાય થકી
મચ્યું'તું બહિ:પ્રદેશે તુમુલ બધું તે, ન માંહિં પેઠું જરી.
પ્રહર રજનિનો ત્રીજો પ્રગટયો ને શાન્તિ વિશ્વમાં પસરી,
ભૂતતણોગણ ભડકી વેગે જો! ત્હાં થકી ગયો જ સરી;
ક્ષિતિજે શશી ડૂબંતો, ત્હાંથી વહી મૃદુ સમીરની લહરી,—
ને નાથ બન્યા તે ક્ષણ **સમ્માસંબુદ્ધ** ધન્ય એહ ઘડી !

મહાભિનિષ્ક્રમણ.

નાથસમીપ સૂતી હતી, મૃદુ શય્યામાં જેહ
અર્ધ ઓઢી ત્હાં રાણી એ, તજી પ્રાવરણે દેહ. ૧
કરતલ બે ભાળે ધર્યાં, ઉર ઉછળે અવિરામ,
ગરગર અશ્રુ ઢાળતી, સુન્દરી એ ગુણધામ; ૨
સિદ્ધાર્થતણો કર પછી, ચુમ્બ્યો કંઈ ત્રણ વાર,
ત્રીજે ચુમ્બને કરુણરવ, કીધો મૃદુ ઉચ્ચાર. ૩

(હરિગીત.)

"નાથ! જાગો! નાથ! જાગો!
વાણી દ્યો આશ્વાસની."
"શું છે? પ્રાણ! શું? વ્હાલી! શું છે?"
પૂછતો ઉલ્લાસથી. ૪

(ગીતિ.)

તદપિ રુવે અવ્યક્ત જ, કંઈ વાણી રહી કાંઈ અટકી;
ડૂમો હૃદય ભરાયો:—અન્તે રાણી વદી સુદીન બની. ૫

(દ્રુતવિલમ્બિત.)

"સૂતી હું નાથ! સુખે મૃદુ નીંદરે;
શિશુ વહું ઉદરે તુજ તે સ્ફુરે;
જીવન, મોદ, અને વર્ષા પ્રેમની,
દ્વિગુણ નાડી વહી હૃદયે રહી; ૬

સુખદ ગાન જ તેતણું હું સુણી,
મધુર નીંદરમાં શમતી ઘણી;
પણ અહો! કંઈ સ્વપ્ન જ કારમાં
અનુભવી છળી જાગી હું તો હવાં." ૭

* * * * *

(અનુષ્ટુપ)

વદે સિદ્ધાર્થ;—"ઓ મ્હારી મધુરી પદ્મની કળી!
સર્વ છે સ્વપ્ન એ રૂડાં, દીઠાં જે ત્હેં ફરી ફરી." ૮

રાણી કહેઃ—"સત્ય એ નાથ ! પણ એહ વિરામતાં,
ઘોર વાણી સુણી મ્હેં તોઃ—'આવી એ વેળ' એમત્ય્હાં.૯

*　　*　　*　　*　　*

સુણી એ ઝબકી જાગી, સ્વપ્નનો સાર શો હશે ?
મૃત્યુ પામીશ હું ? કે–તું મુજને છોડીને જશે ?"　૧૧

(ગીતિ)

સન્ધ્યાનું સ્મિત અન્તિમ, હેવાં મધુરાં સુહાગી લોચનથી,
રડતી નારી ભણી તે સિદ્ધાર્થ નિહાળીને કરે વિનતિ.　૧૧

(ગરબી*)

"ધીરજ ધાર્ય તું પ્રાણ ! મધુરી ! ઓ ધીરજ ધારે;
અવિચલ પ્રેમ છે સ્થાન, સતત આશ્વાસનું ત્હારે.

ધીરજ૦ ૧૨

(સાખી)

ભલે સ્વપ્ન તુજ ભાવિનાં ચિત્ર ચીતરે ગૂઢ,
ને દેવો ડગતા ભલે નિજ–આસન–આરૂઢ;
તદપિ તું ધીરજ ધારે.

ધીરજ૦ ૧૩

વિશ્વ, શકે, ઉદ્ધારનો માર્ગ જાણવા આજ
તત્પર ઊભું ભેદ કંઈ ગૂઢ સમઝવા કાજ;
તદપિ તું ધીરજ ધારે.

ધીરજ૦ ૧૪

---

* "લોચનમનનો રે કે ઝગડો લોચનમનનો." એ ચાલ.

દશા આપણી પલટીને ભલે તજે નિજ સ્થાન,
સત્ય વદુંછ, યશોધરા હૂતી ને છે મુજ પ્રાણ;—
હૃદય એ તું ધીરજ ધારે.
ધીરજ૦ ૧૫

દુ:ખિત જગ ઉદ્ધારવા અવિરત કરતો ધ્યાન,
નિર્મિત સમય જ આવતાં, ભાવિ નિશ્ચય ફળશે મહાન;
વ્હાલી ! એ ધૈર્ય તું ધારે; ધીરજ. ૧૬

* * * * * * * *
* * * * * * * *

(અનુષ્ટુપ્.)

રોતી રોતી પડી નિદ્રા—મહિં તોય નિસાસથી
ઊછળે ઉર, જાણે એ સ્વપ્નવાણી પ્રકાસતી;—
" વેળ એ ! આવી વેળ એ !" ૧૭

(વિષમ હરિગીત.)

એ સમે **સિદ્ધાર્થ** ઊંચા વ્યોમમાંહિં નિહાળતો,
ને, જો ! શશી તહિં કર્ક રાશિમાં રહ્યો'છ વિરાજતો,
ને ગ્રહો ચિરકાળ પૂર્વે ભાખિયા ક્રમમાં ઊભા,
વદતા જ:—"આવી રજનિ એ ! ઉદ્ધારવા જન જે ડૂબ્યા; ૧૮
માર્ગ વર્ય તું પુણ્યનો કે જગતકેરી વિભૂતિનો,
આ ક્ષણ જ નિર્ણય કઠિન કર્ય સુખદુ:ખકેરી પ્રસૂતિનો;
રાજનો અધિરાજ બનીને આણ નિજ વર્તાવવા,
કે મુકુટગૃહે વિણ શૂન્ય ભટકી જગતને જ બચાવવા." ૧૯

(વલણ.)

વિશ્વ તારવા કાજ આ આવી પળ અણુમૂલ,
જોઈ ને સિદ્ધાર્થ એ સ્વગત વદે કંઈ ગૂઢ રે. ૨૦

(દ્રુતવિલમ્બિત.)

" પળ અમોલ જ આવી હવે પળું !
જગત ઉદ્ધરવા વ્રત આકરું
અધર આ સુકુમાર જ પ્રેરતા,
મધુર નીંદરમાં સૂતી એ પ્રિયા ! ૨૧

વિષમ એ વ્રત આપણ યુગ્મને,
કરી વિયુક્ત વિશેષ રૂડું બને;
ગગનમૌન વિશે ઝળકી રહ્યું,
નિરખું નિર્મિત શાસન ભેજળું. ૨૨

(ગરબી. *)

મ્હને પ્રેરતા તારકવૃન્દ ! આ હું આવ્યો રે,
દુઃખડૂબ્યા એ જગજન ! આ હું આવ્યો રે; ૨૩

તમકાજ તજું મુજ રાજ્ય, સુખો બહુ વિધિનાં રે,
રાજમન્દિર સુખમય સાજ, રજનિદિન સુખનાં રે; ૨૪

(સાખી.)

તજું સર્વ એ આ ક્ષણે, સહુ થકી દુસ્ત્યજ એક,
રાણી મધુરી ! તે તજું હવે તુજ ભુજવલ્લી વ્હાલી સુરેખ. ૨૫.

---

* " જમુનાંજળ ભરવું મ્હારે કુંવર કન્હૈયા રે".—એ ચાલ.

(મૂળચાલ.)

તોય ત્હારો પણ ઉદ્ધાર થશે જગસંગે રે,
અને તુજ ઉદરે આ વાર સ્ફુરે જે ઉમંગે રે 26

મુજ શિશુ અંકુર એ આપણા પ્રેમનો ગૂઢો રે,
થોભું આશિષ દેવા હેને, ડગું રખે હું તો રે; 27

ઉદ્ધરીશ હું એ પણ બાળ; અરે સહુ થોભો રે,
પત્ની! પુત્ર! પિતા! ક્ષણવાર, અને જગલોકો રે! 28

આ અવસરકેરું દુઃખ સહો મુજ સંગે રે,
જ્યોતિ પ્રગટે ને શોખે વિશ્વ ધર્મ ઉમંગે રે. 29

કર્યો નિશ્ચય દૃઢ આ વાર, હવે હું ચાલું રે,
નવ પાછો ફરું કો કાળ, અચળ પથ ઝાલું રે. 30

(સાખી.)

સોધું સત્ય અતિ ગૂઢ તે મળતા લગી ફરું નાહિં,
અન્વેષણ અતિ તીવ્ર ને તપ ઉગ્ર ફળે જો કાંઈ.” 31

(ચોપાઈ ત્રણ તાલની.)

કરી યશોધરાને પ્રણામ, સૂતી જે ભરનિદ્રામાં આમ,
કાંઇ ભાવ અવર્ણ્ય ભરેલાં, નાંખ્યાં નેનો વદન પર ઘેલાં. 32

હજી અશ્રુથી ભીનું વદન, લેવા છેલ્લી વદાયનું મન,
કીધી પ્રદક્ષિણા ત્રણ વાર, શય્યાકેરી ધરી ભક્તિભાર; 33
જોડી ધડકતે હૃદયે પાણિ, બોલ્યો સિદ્ધાર્થ અવિચલ વાણીઃ—
“ ફરી આ રમ્ય શય્યા માંહિં, કરું શયન કદી હું નાહિં.” 34

ત્રણ વેળા ગયો રાજન, પાછો આવ્યો વળી વેળ ત્રણ;
હેવું રાણીનું સૌન્દર્યપૂર, હેવો પ્રેમ હેનો ભરપૂર; ૩૫

અન્તે બળ કરી છૂટયો શયનથી, ધાર્યો શોક પછી નવ મનથી;
ચાલ્યો,શ્યામરજનિમાં ચાલ્યો, માર્ગ જ્યોતિ અનુપનો ઝાલ્યો.૩૬

દુખનો અચૂક એક કીમિયો બતાવું, ભાઈ !
કીમિયો બતાવું કાંઈ,
બંધુઓથી છાનું નાહિં;
શિદને હું છાનું છેક બંધુઓથી રાખું કાંઈ ?
દુખનો અચૂક ૦

(સાખી.)

હૃદયગુહામાંહિં વસે કિમિયાગર અવધૂત:
જાવ શરણ ત્હેને પરમ યોગી એ અદ્‌ભુત;
યોગી અદ્‌ભુત જડીબુટ્ટી રૂડી દેશે, ભાઈ,
દામ નવ લેશે કાંઈ
ઓષધિ અમોલકેરું દામ નવ લેશે કાંઈ,
દુખનો અચૂક ૦

(સાખી.)

શ્રદ્ધા શાન્તિ ભેળવી ભેળોમહિં પ્રભુપ્રેમ,
ઉરના પુટમાંહિં ભરો, ધરો અગ્નિપર ક્ષેમ;
ક્ષેમે પછી દુઃખ તો સુખરૂપ બની જાશે, ભાઈ;
દુખનો અચૂક એહ કીમિયો બતાવ્યો, ભાઈ.

જાગી જો તું મનુજના બાળ રે, પેલા દિવ્ય કિનારા,
ઝળકે જ્યોત્સ્નામય શા વિશાળ રે, પેલા દિવ્ય કિનારા.

દૂર પડયા દિવ્ય દેશ એ રે, મધ્યે ગાઢાં અરણ્ય;
કઠણ કરાડો ચઢવી ઊતરવી, ત્યહાં જાવાનો માર્ગ ન અન્યરે.
પેલા દિવ્ય૦.

ઊંચા આ ગિરિશૃંગથી રે દીસે કિનારા એ દૂર,
ગાજે જ્યહાં ગંભીરું, મધુરું, પેલું અમૃતત્વસિન્ધુનું પૂર રે
પેલા દિવ્ય૦

પંથ અરણ્ય ચીરી જતોરે અંતે ઊંચી જ્યહાં કમાન,
દ્વારપાલ મૃત્યુનામક ઊભો; જાવું તેમહિંથી અવસાનરે.
પેલા દિવ્ય૦

માર્ગે દીસે આ શિખર થકીરે શીઘ્ર જવાના અનેક,
તે સર્વ ગુપ્ત જ ગર્ત વિશે જઈ અટકે: સાચો ન એ તો એક રે.
પેલા દિવ્ય૦.

માટે તું થા સજ્જ ધૈર્યથીરે દીર્ઘ પ્રયાણને કાજ;
કંટક ચરણે પથમાં સરે તો પાછો ન વળ્ય તું સહસા જ રે.
પેલા દિવ્ય૦

એહ કિનારે દિવ્ય વાલુકારે ધારે અદ્ભુત પ્રભાવ;
સ્પર્શતાં વાંત જાય રૂઝાઈ ભવકંટકના સહુ ઘાવરે,
પેલા દિવ્ય કિનારા.

મરવાં સોહ્યલાં રે, સંતો સુખે જગતથી જાશે;
નીતિ ભકિતમાં રે, રહીને પરમારથમાં ધાશે:
ચેતી ચાલ્યા ચિત્તમાં તે, જરા નહિં પસ્તાશે.—મરવાં.
વૈભવ વિશ્વનારે, મરતાં સંત નહિં સંભારે;
કાયા ક્યહાં પડી રે, ધનસુત દારા સર્વ વિસારે,
શરણાગત જગદીશને, અવિનાશી થઈને ચાલે.—મરવાં.

જૂઠા જગતનેરે, જેણે પ્રથમ થકી જ પિછાણ્યું;
સુખ દુખ સામટું રે, જેણે મનથી મિથ્યા માન્યું,
ઈશ્વરને શરણે થયો તો સુધરે મરવાટાણું. —મરવાં.

સૂતા સાંભળે રે, સંતો શાંત મને સુખ ઝાઝે;
નાદ નવા નવા રે, મીઠા થાય મધુર અવાજે,
જાણે દુંદુભિ દેવનાં કંઈ ગગન વિશે રહી ગાજે.—મરવાં.

આત્મા એકલો રે, જૂદો કાય થકી પડી જાશે;
કષ્ટો કાયનાં રે, તેથી તેને નહિં જ જણાશે,
ધ્યાન ધરી જગદીશનું તે પૂર્ણકામ બની જાશે. —મરવાં.

સાચા સંતનેરે, પ્રભુજી સદા વસે સંગાથે;
એ નથી એકલો રે, પ્રભુ છે મુઆ પછી પણ માથે,
સુખિયો જીવ સદા રહે જ્હાં સાચો બેલી સાથે.—મરવાં

કાં ભ્રમમાંહિં ભમો ઓ ભાઈ, સુણો સાચું કહું રે લોલ;
તિમિરે જનમ્યું, તિમિર જતાં ક્ષણ, મૃત્યુ મરી ગયું રે લોલ.
વ્યર્થ ભયે રચી મૂર્તિ ભયાનક, જગ બ્હીતું રહ્યું રે લોલ.
જ્ઞાન તણી તરવાર અડકતાં મૃત્યુ મરી ગયું રે લોલ.
ચોગમ નાંખી નજર નિહાળું હું--મૃત્યુ ક્યહાં રહ્યું રે લોલ?
માયાદેહ ધરંતું એહ જ, મૃત્યુ મરી ગયું રે લોલ.
જોયું જીવનતત્ત્વ સનાતન, સત્યપ્રકાશિયું રે લોલ.
અમરપણું પ્રગટ્યું પછી તત્ક્ષણ મૃત્યુ મરી ગયું રે લોલ.
જીવન પરજીવન બે એક સરિતનું વ્હેણ છે રે લોલ.
રૂપ બદલતું જીવન તે પરજીવનમાં ધસે રે લોલ.
જીવન—જ્યોતિપૂર વિશાળું જગોજગ રેલિયું રે લોલ;
જોતાં દિવ્ય નયનથી નિશ્ચય મૃત્યુ મરી ગયુંરે લોલ.

ન્હોતું ‘ અસત્ ’ નવ હતું ‘ સત્ ’ કંઇ સમે, તે,
ના અન્તરીક્ષ, નવ વ્યોમ, હતું, પરે કે;
શું આવરે, કવણ કોણ તણા સુખાર્થે,
ને શું હતું ગહન પાણિ ગભીર આ કે ?

ન્હોતું વળી મરણ ને અમૃતે ન હોતું,
ના રાત કે દિવસ કાંઇ કળાય હેતું;
ને શ્વાસ લેતું નિજ શક્તિથી વાયુવિણ,
તે એકલું અવર તેથી ન કાંઈ ભિન્ન

આરંભમાં તમ હતું, તમથી નિગૂઢ,
કહેવાનું ભેદવિણ જે જળ માત્ર સર્વ,
તે માત્ર ‘ આભુ ’ વલી છાદિત તુચ્છથી જે;
તે, તત્ત્વ, એક, પ્રકટ્યૂં તપના પ્રભાવે.

કો જાણનાર નહિં કો સમજાવનાર,
ક્યહાંથી જગત્ પ્રકટ, વિસ્તૃત, ક્યાંથી થાય;
દેવો થયા પણ હતા પ્રગટ્યા પછી આ,
ક્યહાંથી થયું, કવણ તો પછી જાણનારા.

ને આ વિસૃષ્ટિ સઘળી પ્રગટી જ જેથી,
તે ધારનાર અથવા ધરનાર નાહિં;
અધ્યક્ષ જે પરમ વ્યોમ વિશે વિરાજ્યા,
તે જાણતા કદિ હશે નવ જાણતા વા.
ઊંચે જ્વલંત પડ્યું વ્યોમવિતાન રૂડું,
તે ભેદીને નયનથી પ્રતિરાત્રિ ઊડું;
ના સૂર્યચન્દ્ર ઝળકી મુજપંથ રોકે,
તારાગણો દઉં ખશેડી જ થોક થોકે.

અંજાઉંના ભભકથી, દઢવેગ દોડું,
છે લક્ષ એક પ્રભુ તે ભણી દૃષ્ટિ જોડું;
દેદીપ્યમાન ઝુમખાં જ વટાવી સર્વ,
અન્તે વિરામું પ્રભુના ઉરમાં સગર્વ:
નિત્યે જ્યહાં લઉં વિરામ જ ત્ય્હાં વિરામું,
પ્રેમસ્મિતે નિત્ય જુવે પ્રભુ મ્હારી સ્હામું;
સૂર્યો વળી શશી બધા ક્ષયવૃદ્ધિ પામ્યા;
તારાગણો ગગનમાં ખડકાઈ જામ્યા;
કે સર્વએ ધનદળે દઢ વીંટી લીધા;
તે પૂર્વથી પ્રભુ સ્મરે નિજ બાળને આ.

सब्बे तसंति दंडस्स सब्बे भायंति मच्चुनो ।
अत्तानं उपमं कत्वा न हनेय्य न घातये ॥

सब्बे तसन्ति दंडस्स सब्बेसं जीवितं पियं ।
अत्तानं उपमं कत्वा न हनेय्य न घातये ॥

सुखकामानि भूतानि यो दंडेन विहिंसति ।
अत्तनो सुखमेसानो पेच्च न लभते सुखं ॥

सुखकामानि भूतानि यो दंडेन न हिंसति ।
अत्तनो सुखमेसानो पेच्च सो लभते सुखं ॥

मावोच फरुसं कंचि वुत्ता पटि वदेय्यु तं ।
दुक्खा हि सारंभकथा पटिदंडा वदेय्यु तं ॥

सचे नेरेसि अत्तानं कंसो उपहतो यथा ।
एस पत्तोसि निब्बाणं सारंभो ते न विज्जति ॥

માત, પ્રેમ-મૂર્તિ! તું જ ભક્ત પાળે;
ત્હને તુજ બાળ પુકારે,
ત્હને દીનદાસ પુકારે;—
જો! સમીપ, જો! સમીપ
દીપ આવે.
માત૦

જ્યોતિ મધુર એહ જીવનપથ દ્યોતે,
જેહ પ્રેમમૂર્તિ માત ધરે પોતે,
વિષમ પંથ સુગમ કાં ન બને, કહો, તે?
એક તું જ
એક તું જ, કૃપાકાન્ત, હમે ભ્રાન્ત, હૃદય તું ધ્વાન્ત,
જ્યોતિ શાન્ત ધરી વનાન્ત તું ઉજાળે, ઉજાળે.
ભક્ત પાળે.
માત૦

માર્ગ રૂંધી રજનિતિમિર જ્યહાં વ્યાપે,
નિબિડ વનઘટા અનેક વિઘ્ન સ્થાપે,
તેહ વેળ કોણ સાથ મ્હને આપે?
એક તું જ,
એક તું જ મધુરી માત! દીપસાથ,
રહી સંગાથ, ધરી હાથ, હરી ઉચ્ચાટ, વિષમ વાટ,
કઠણ ઘાટ તું ઉતારે, ઉતારે,
ભક્ત તારે.
માત૦